શ્રી વાઘલધરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત,

શ્રી નાથુભાઈ તથા શ્રીમતી પાર્વતિબેન નાથુભાઈ દેસાઈ

# વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર,


વાઘલધરા -૩૯૬૩૭૫. તા.જી.વલસાડ

ટેલીફોન નં. ૮૯૮૦૮૦૭૧૭૭

Website: v-vtc.org E-mail : vtcvaghaldhara@yahoo.com


(ISO 29990:2010 & ISO 9001:2008 Certified - NCVT Affiliated (PR24000868) & Registered as VTP)

## શ્રી વાઘલધરા વિભાગ કેળવણી મંડળ

શ્રી વાઘલધરા વિભાગ કેળવણી મંડળ ૧૯૫૦ ના મુંબઇ ના ટ્રસ્ટ ધારા હેઠળ નોંધાયેલુ ટ્રસ્ટ છે. ૧૯૬૨ થી શ્રી ભીમાજી ભાણાજી સાર્વજનિક વિદ્યાલય (માધ્યમિક શાળા) વાઘલધરામાં ચલાવે છે. ઓગસ્ટ ૨૦૧૦ થી ગુજરાત સરકાર સાથેની લોકભાગીદારીમાં વ્યવસાયી તાલીમ કેન્દ્ર ચાલુ કરેલ છે. શ્રી વાઘલધરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રી નાથુભાઈ અને શ્રીમતી પાર્વતીબેન નાથુભાઈ દેસાઈ, વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર માં સત્તાવીસ અભ્યાસક્રમોની તકનીકી તાલીમ NCVT પેટર્ન અને MES પેટર્ન હેઠળ ના NSQF લેવલ ના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. જેમાં રાજ્યના આદિજાતિના યુવક/યુવતીઓને વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવે છે.

## સંસ્થામાં ચાલતા લાંબાગાળાના રોજગારલક્ષી અભ્યાસક્રમોની યાદી :-

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | ક્ષેત્ર | NSQF Level | તાલીમનો સમય | શૈક્ષણિક લાયકાત | બેઠક | | પ્રવેશ સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પ્રથમ પાળી | બીજી પાળી | |
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રેગ્રામીંગ આસીસ્ટન્ટ | ઇન્ફોરમેશન ટેકનોલોજી | 3 | ૧ વર્ષ | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૪ | ઓગસ્ટ |
| ૨ | વેલ્ડર | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેક્ચરીંગ | 3 | ૧ વર્ષ | ધો. ૮ પાસ | ૨૦ | ૨૦ | ઓગસ્ટ |
| ૩ | પ્લમ્બર | પ્લમ્બીંગ | 3 | ૧ વર્ષ | ધો. ૮ પાસ | ૨૪ | ૨૪ | ઓગસ્ટ |
| ૪ | મેશન (બીલ્ડીંગ કન્સ્ટ્રકશન) | કન્સ્ટ્રકશન | 3 | ૧ વર્ષ | ધો. ૮ પાસ | ૨૪ | ૨૪ | ઓગસ્ટ |
| ૫ | ડ્રેસ મેકીંગ | એપરલ | 3 | ૧ વર્ષ | ધો. ૮ પાસ | ૨૦ | ૨૦ | ઓગસ્ટ |
| ૬ | કોમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્ક મેન્ટેન્શ | ઇન્ફોરમેશન ટેકનોલોજી | 3 | ૧ વર્ષ | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૪ | ઓગસ્ટ |
| ૭ | ડ્રાફ્ટમેન સીવીલ | કન્સ્ટ્રકશન | ૪ | ૨ વર્ષ | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૪ | ઓગસ્ટ |
| ૮ | ઇલેક્ટ્રીશીયન | પાવર | ૪ | ૨ વર્ષ | ધો. ૧૦ પાસ | ૨૦ | ૨૦ | ઓગસ્ટ |
| ૯ | રેફ્રીજરેશન અને એરકંડીશનર ટેકનીશ્યન | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેક્ચરીંગ | ૪ | ૨ વર્ષ | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૪ | ઓગસ્ટ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ટર્નર | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેક્ચરીંગ | ૪ | ૨ વર્ષ | ધો. ૧૦ પાસ | ૨૦ | ૨૦ | ઓગસ્ટ |
| ૧૧ | ફીટર | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેક્ચરીંગ | ૪ | ૨ વર્ષ | ધો. ૧૦ પાસ | ૨૦ | ૨૦ | ઓગસ્ટ |
| ૧૨ | સર્વેયર | કન્સ્ટ્રકશન | ૪ | ૨ વર્ષ | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૦ | ઓગસ્ટ |
| ૧૩ | આર્કીટેક્ચરર ડ્રાફ્ટમેન | કન્સ્ટ્રકશન | ૪ | ૨ વર્ષ | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૦ | ઓગસ્ટ |

## સંસ્થામાં ચાલતા ટુંકા ગાળાના રોજગારલક્ષી અભ્યાસક્રમોની યાદી :-

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | ક્ષેત્ર | NSQF Level | તાલીમનો સમય | શૈક્ષણિક લાયકાત | બેઠક | | પ્રવેશ સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પ્રથમ પાળી | બીજી પાળી | |
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર | બેન્કીંગ, ફાઇનાન્સ સર્વિસ એન્ડ ઇન્સ્યોરન્સ | 3 | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૨ | કોમ્પ્યુટર હાર્ડવેર આસીસ્ટન્ટ | ઇલેક્ટ્રોનીક્સ એન્ડ હાર્ડવેર | 3 | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૩ | સીવીલ સાઇટ સુપરવાઇઝર | કન્સ્ટ્રકશન | 3 | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૪ | લેન્ડ સર્વેયર | કન્સ્ટ્રકશન | ૨ | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૫ | મેશન | કન્સ્ટ્રકશન | 3 | ચાર માસ | ધો. ૫ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૬ | આર્કીટેક્ચરર આસિસ્ટન્ટ | કન્સ્ટ્રકશન | 3 | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૭ | ઇલેક્ટ્રીકલ હાઉસ વાઇ રીંગ ટેકનીશ્યન | પાવર | ૨ | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૮ | રેફ્રીજરેશન અને એરકંડીશન આસિસ્ટન્ટ | ઇલેક્ટ્રોનીક્સ એન્ડ હાર્ડવેર | 3 | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૯ | વેલ્ડર ટેકનીશ્યન | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેક્ચરીંગ | 3 | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ટીગ એન્ડ મીગ વેલ્ડીંગ | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેક્ચરીંગ | ૩ | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૧૧ | પ્લમ્બર આસિસ્ટન્ટ | પ્લમ્બીંગ | ૩ | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૧૨ | CNC ટર્નીંગ ઓપરેટર | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેક્ચરીંગ | ૩ | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૧૩ | CNC મશીનીસ્ટ | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેક્ચરીંગ | ૩ | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |
| ૧૪ | ઇન્ડિસ્ટ્રીયલ સ્યુઇંગ મશીન ઓપરેટર | એપરલ | ૩ | ચાર માસ | ધો. ૫ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ/ ઓગસ્ટ/ ડિસેમ્બર |

**લાંબાગાળાના રોજગાર લક્ષી અભ્યાસક્રમો માં પ્રવેશ માટેના ફોર્મ /અરજી દર વર્ષે એપ્રિલ/મે માસમાં શરૂ થાય છે જ્યારે ટુંકાગાળાના રોજગાર લક્ષી અભ્યાસક્રમો માં પ્રવેશ માટેના ફોર્મ /અરજી દર વર્ષે તાલીમ શરૂ થવાના બે મહિના પહેલા ભરી શકાશે.**

**ફોર્મ /અરજી સંસ્થામાં રૂબરૂ અથવા Online Form Download કરી ફોર્મ ભરી જરૂરી ડોક્યુમેન્ટ સાથે સંસ્થા ખાતે જમા કરવાનું રહેશે.**

## તાલીમી સવલતો :-

(૧) અનુભવી અને લાયકાત ધરાવતા ટ્રેઇનરો દ્વારા તાલીમ આપવામાં આવશે.

(૨) સંસ્થામાં દૈનિક ૭:૩૦ કલાકની (૩૦ મીનીટ રીશેસ) તાલીમ આપવામાં આવશે જેમાં વર્કશોપ તથા થીયરીનો સમાવેશ થશે.

(૩) તાલીમ દરમિયાન ઓનજોબ ટ્રેનિંગ તેમજ શૈક્ષણિક પ્રવાસોનું આયોજન કરવામાં આવશે.

(૪) તાલીમ દરમિયાન દર મહિને ટ્રેડ થિયરી, એમ્પ્લોયબીલીટી સ્કીલ,વર્કશોપ કેલ્ક્યુલેશન તેમજ એન્જીનેરીંગ ડોઇંગ ની પરીક્ષા Online-Computer Base Test થી લેવામાં આવશે.

(૫) દર ત્રણમાસે યોજાતી NCVT માન્ય અભ્યાસક્રમોની ત્રિમાસિક પરીક્ષા Online-Computer Base Test થી થશે તથા MES માન્ય અભ્યાસક્રમોની ફાઇનલ પરીક્ષા પણ Online-Computer Base Test થી થશે.

(૬) તાલીમાર્થીઓને અભ્યાસ દરમ્યાન જરૂરી સાધન સામગ્રી આપવામાં આવશે.

(૭) તાલીમાર્થીઓ અભ્યાસ દરમ્યાન લાયબ્રેરીનો ઉપયોગ કરી શકશે.

(૮) પ્રથમ પાળી નો સમય સવારે ૭.૩૦ કલાક થી ૩.૦૦ તથા બીજી પાળીનો સમય સવારે ૧૦.૦૦ કલાકથી સાંજના ૧૭.૩૦ કલાકે રહેશે.

(૯) **તાલીમાર્થીઓએ ફરજીયાત Online Bio Metric Attendance માં સવાર-સાંજ હાજરી પુરવી ફરજીયાત છે.**

(૧૦) **તાલીમ દરમ્યાન રવિવાર તથા ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલી રજાઓ સિવાય કોઇપણ જાતની રજા આપવામાં આવતી નથી.**

## પ્રવેશ ફી :-

સંસ્થામાં પ્રવેશ મેળવતા તમામ ભાઈઓ પાસેથી રૂ ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) પ્રવેશ ફી લેવામાં આવશે. જ્યારે બહેનો પાસેથી રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) પ્રવેશ ફી લેવામાં આવશે.

## કોશનમની ડિપોઝીટ :-

સંસ્થામાં પ્રવેશ મેળવતા તમામ ઉમેદવારો પાસેથી રૂ. ૫૦૦/- ( અંકે રૂપિયા પાંચસો પૂરા) કોશનમની ડિપોઝીટ પ્રવેશ સમયે લેવામાં આવશે. જે તાલીમ પૂર્ણ થયા પછી પરત કરવામાં આવશે.

## ટયુશન ફી તથા છાત્રાલયમાં રહેવા જમવાની ફી :-

ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રમાણિત અનુસુચિત જનજાતિના ઉમેદવારોએ કોઈપણ પ્રકારની તાલીમ માટે ટયુશન ફી ભરવાની નથી.અન્ય જાતિના ઉમેદવારોએ ટયુશન ફી તથા છાત્રાલયમાં રહેવા તથા જમવાની ફી સંસ્થાએ નકકી કરેલા નિયમ મુજબ ભરવાની રહેશે.

## પરીક્ષા અને પ્રમાણપત્ર :-

તાલીમના અંતે યોજાતી **લાંબાગાળાના રોજગારલક્ષી અભ્યાસક્રમોની** પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થતા તાલીમાર્થીઓને NCVT મારફત તથા **ટુંકા ગાળાના રોજગારલક્ષી અભ્યાસક્રમોની** પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થતા તાલીમાર્થીઓને SSC /GCVT / Third Part/VTC દ્વારા પ્રમાણપત્ર એનાયત થાય છે.

## છાત્રાલય :-

૩૦૦ છોકરાઓની તથા ૧૦૦ છોકરીઓની આધુનિક સુવિધા વાળી છાત્રાલય છે. દૂરથી અને બહારગામથી આવતા ઉમેદવારોને મેરીટ ધોરણે છાત્રાલય માં પ્રવેશ આપવામાં આવશે. છાત્રાલય પ્રવેશમાં ગરીબાઈના આંકને ધ્યાનમાં લેવામાં આવશે. ગુજરાત રાજયના અનુસુચિત જનજાતિના તાલીમાર્થીઓ માટે છાત્રાલયમાં રહેવાની તેમજ જમવાની વ્યવસ્થા વિના મુલ્યે કરવામાં આવે છે.

જો હોસ્ટેલમાં અનુસુચિત જનજાતિના ઉમેદવાર નહીં મળે તો અન્ય જાતિના ઉમેદવારને માસિક રૂા. ૧૫૦૦/- લેખે ( અંકે રૂપિયા પંદરસો પુરા ) એડવાન્સમાં ભરી રહી શકશે. જેમાં રહેવાની તેમજ જમવાની વ્યવસ્થા થશે.

## મેસ ( ભોજનાલય ) :

દરરોજ સવારે નાસ્તો, બપોરે અને સાંજે બે ટાઇમ જમવાનું તથા દર મહિના ના ત્રીજા રવિવારે મીઠાઇ સાથે નું ભોજન આપવામાં આવે છે.

## સ્ટાફની માહીતી :-

સંસ્થામાં કુલ ૩૭ જેટલા સ્ટાફની નિમણૂંક કરવામાં આવેલ છે. જેમાં

| અ.નં. | હોદ્દો | સંખ્યા | અ.નં. | હોદ્દો | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૧ | ૧૨ | માળી | ૦૧ |
| ૨ | પ્લેસમેન્ટ ઓફીસર | ૦૧ | ૧૩ | રસોયા | ૦૪ |
| ૩ | સુપર વાઇઝર | ૦૧ | ૧૪ | વોચમેન | ૦૨ |
| ૪ | ઇન્સ્ટ્રક્ટર | ૧૫ | ૧૫ | સફાઇ કામદાર | 03 |
| ૫ | સીનિયર ક્લાર્ક | ૦૧ | | | |
| ૬ | જુનિયર ક્લાર્ક, | ૦૨ | | | |
| ૭ | પટાવાળા | ૦૨ | | | |
| ૮ | હોસ્ટેલ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૦૧ | | | |
| ૯ | ગર્લ્સ હોસ્ટેલ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૦૧ | | | |
| ૧૦ | હોસ્ટેલ ક્લાર્ક | ૦૧ | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | ડ્રાઇવર | ૦૧ | | | |

**રોજગાર બાંહેધરી :-**

→ તાલીમના અંતે સફળ તાલીમાર્થીઓને રોજગાર મેળવી આપવામાં સંસ્થા સંપૂર્ણપણે પ્રયત્નશીલ રહેશે.
→ સંસ્થાએ એક વર્ષ સુધી આપેલ રોજગારી ની માહીતી તાલીમાર્થી પાસેથી મેળવવાની રહે છે.
→ જે તાલીમાર્થી પોતાનો સ્વરોજગાર કરવા માંગતા હોય તો તેને માટે સંસ્થા બેંકમાંથી લોન લેવા માટેના ડોક્યુમેન્ટ/પ્રોજેક્ટ રીપોર્ટ વિગેરે તૈયાર કરવામાં મદદ રૂપ થાય છે.
→ જે તાલીમાર્થીઓ તાલીમ પૂર્ણ થયા પછી જો એપ્રેન્ટીશ કરવા માંગતા હોય તો તેને માટેની વિગતો એપ્રેન્ટીશ પોર્ટલ ઉપર Online ભરી આપવામાં આવે છે.
→ સંસ્થા રોજગાર માટે નિયમીત ભરતી મેળા, કેમ્પસ ઇન્ટરવ્યુ વિગેરેની કાર્યવાહી કરતી રહે છે.

**અન્ય માહિતી :-**

1) સંસ્થામાં નિયમીત તમામ તાલીમાર્થી ભાઇ-બહેનો નું મેડીકલ ચેકઅપ સંસ્થા ખાતે કરાવવામાં આવે છે.
2) સંસ્થામાં અલગ અલગ વિષયના નિષ્ણાંત દ્વારા તાલીમાર્થીઓ માટે સેમીનાર/પ્રદર્શન /મુવી નું આયોજન કરવામાં આવે છે.
3) સંસ્થામાં વાર-તહેવારે કલ્ચર એક્ટીવીટી/જાગૃતતા અભિયાન, ચિત્રકામ,સ્વચ્છતા અભિયાન,પ્લાન્ટેશન વિગેરે વિષય ઉપર તાલીમાર્થીઓને માહિતગાર કરવામાં આવે છે.
4) તાલીમાર્થીઓને આધુનિક ટેકનોલોજી ઉપર ઓદ્યોગિક એકમો માંથી ટેકનીકલ વ્યક્તિઓને બોલાવી વિગતવાર માહિતી આપવામાં આવે છે.
5) ટ્રેડવાઇઝ તાલીમાર્થીઓના What's app ગૃપ દ્વારા તેમના ટ્રેડોની માહિતી જેવી કે પરીક્ષાની માહિતી, પરીક્ષા પરિણામ,રોજગારની માહિતી, You Tube દ્વરા ટેકનોલોજીની માહિતી, સરકારશ્રી દ્વારા મોકલવામાં આવતા Video વિગેરે આપવામાં આવે છે.

## રમત ગમત :-

સંસ્થામાં દર વર્ષે રમતોત્સવ યોજવામાં આવે છે. જેમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવે છે.જેમાં કબડ્ડી ,ખો –ખો, ક્રીકેટ, વોલીબોલ, ચેસ, કેરમ વગેરે વિવિધ રમતોમાં તાલીમાર્થીઓ ઉત્સાહ પૂર્વક ભાગ લે છે.

## સંસ્થાના નિયમો :-

1. સંસ્થામાં આવવા તેમજ જવાના સમયમાં દરેક તાલીમાર્થીઓએ નિયમિત રહેવું પડશે. મોડા આવવા કે વહેલા જવાના કોઈપણ કારણો માન્ય કરવામાં આવશે નહિ.
2. દરેક તાલીમાર્થીઓએ હાજરી અને કામ અંગેની નોંધપોથી (ડેઈલી વર્ક ડાયરી) રાખવાની રહેશે. જેમાં તેઓના ઈન્સ્ટ્રકટરની દરરોજ સહી લેવાની તેમજ વાલીની સહી કરાવવાની રહેશે.
3. સંસ્થામાં થીયરી તેમજ પ્રેકટીકલ તાલીમ આપવામાં આવે છે. દરેક વિષયનું વર્ગકાર્ય, ગૃહકાર્ય નિયમિત કરવાનું રહેશે. સંજોગવસાત રજા પર કે ગેરહાજર રહેલા તાલીમાર્થીઓએ તેમનું બાકી કામકાજ તે જ માસના અંતમાં પુર્ણ કરવાનું રહેશે. દર માસે સેશનલ વર્કના ગુણ આપવામાં આવે છે અને તે ગુણ વાર્ષિક પરીક્ષા સમયે ગણતરીમાં લેવામાં આવે છે. અનિયમિત અને સમયસર કામ પૂર્ણ નહીં કરનાર તાલીમાર્થીઓને સંસ્થામાંથી છૂટા કરવામાં આવશે.

4. સંસ્થાની અંદર કે સંસ્થાની બહાર અયોગ્ય કે બેજવાબદાર વર્તન કરનારને સંસ્થામાંથી છૂટા કરવામાં આવશે. સંસ્થામાં પ્રવર્તમાન તેમજ વખતો વખત અમલમાં આવતા શિસ્ત, હાજરી, વર્તણૂક વિગેરે નિયમો પાળવાના રહેશે. સંસ્થામાં ધુમ્રપાન કરી શકાશે નહીં કે ગુટકા કે અન્ય તમાકુની બનાવટનુ સેવન કરી શકશે નહી.
5. સંસ્થા તરફથી આપવામાં આવતા રેલ્વે અથવા બસ કન્સેશન પાસનો દૂરપયોગ કરનાર તાલીમાર્થી શિક્ષાને પાત્ર થશે.
6. જે તાલીમાર્થીઓને સંજોગવસાત ગેરહાજર રહેવાનું થાય તેઓએ પહેલેથી જ તેઓના ઈન્સ્ટ્રકટર પાસેથી રજા મંજૂર કરાવવાની રહેશે. રજા મંજૂર કરાવ્યા વગર ગેરહાજર રહેનારની બિનઅધિકૃત ગેરહાજરી ગણાશે. પ્રતિકૂળ સંજોગોમાં પહેલેથી રજા મંજુર કરાવેલ ન હોય અને ગેરહાજર રહેવુ પડે તેવા સંજોગોમાં ગેરહાજર રહયા બદલ વાલીની ચિઠ્ઠી લાવશો તો જ રજા મંજુર કરવામાં આવશે. જો બીમાર હોય તો અનફીટ સર્ટીફીકેટ અને તાત્કાલિક રજાનો રીપોર્ટ સંસ્થાને મોકલી આપવો અને હાજર થાય ત્યારે ફીટનેશ સર્ટીફીકેટ સાથે લઈ આવવું. આખી તાલીમ દરમ્યાન ફકત બે જ વખત મેડીકલ રજા મળી શકશે.
7. તાલીમમાં ૮૦ ટકા હાજરી હોવી જરૂરી છે. જે તાલીમાર્થીની હાજરી ૮૦ ટકાથી ઓછી હશે તે માસથી તેઓનું નામ સંસ્થામાંથી કમી થવાને પાત્ર થશે અને વાર્ષિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.
8. કોઇપણ તાલીમાર્થી રેગીંગ કરતા માલૂમ પડશે તો નિયમ અનુસાર તે સજાને પાત્ર થશે.
9. શરૂઆતના પહેલા મહિનામાં સતત પાંચ દિવસ વગર રજાએ ગેરહાજર રહેનારનું નામ વગર નોટિસે કમી કરવામાં આવશે ત્યાર બાદ જે તાલીમાર્થી ૧૦ દિવસથી વધુ વગર રજાએ ગેરહાજર રહેશે તેનું નામ સંસ્થામાંથી કમી કરવામાં આવશે.
10. તાલીમાર્થીઓએ આઈડેન્ટીટી કાર્ડ પ્રદર્શત થાય તેમ લગાવવાનો રહેશે. તેમજ એપ્રોન નિયમીત પહેરીને આવવું પડશે.
11. સંસ્થામાં કોઈપણ સંજોગામાં મોબાઈલ, પેજર કે અન્ય ઈલેક્ટ્રોનિક્સ આઈટમો લાવી શકાશે નહી. તપાસ દરમ્યાન જો મળી આવે તો જપ્ત કરવામાં આવશે.
12. સંસ્થાના ફર્નીચર, લાઈટ, સેનેટરી, ટુલ્સ, સાધનસામગ્રી તેમજ મશીનરી વિગેરેને નુકશાન થાય તે રીતે વર્તવુ નહીં. આજુબાજુમાં હરક્ત કે નુકશાન થાય તેવી રીતે વર્તવુ નહી. સંસ્થામાં ધાંધલ ધમાલ મસ્તી કરવી નહી.
13. તાલીમાર્થીઓએ સંસ્થા તરફથી આપવામાં આવતા સાધનો (ટુલકીટ) તેમને આપેલા લોકરમાં રાખવાના રહેશે. અને સાચવવાની જવાબદારી તેમની રહેશે. તે સાધનો તુટશે, ખોવાશે તો તેવું જ સાધન લાવી આપવુ પડશે. અને લોકરને તેમનુ પોતાનુ સારી જાતનું તાળુ લગાવવાનું રહેશે. તાલીમાર્થીને સોપેલા ઓજારો સંભાળપૂર્વક સાચવવાના રહેશે.
14. આ સંસ્થામાં જોડાયા પછી તાલીમાર્થી કોઈપણ જગ્યાએ કોઈપણ પ્રકારનો અભ્યાસ કરી શકશે નહી.
15. તાલીમાર્થીએ સ્વેચ્છાએ તાલીમ બંધ કરવી નહીં.
16. સંસ્થામાં શિસ્ત અંગેના પ્રર્વતમાન નિયમો તેમજ ૮૦ટકા હાજરી જાળવવાનું બંધનકર્તા રહેશે.
17. આ શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જશો તો તમારો પ્રવેશ રદ કરવાની, તમારી અનામત (કોશનમની ડીપોઝીટ) જપ્ત કરવાનો સંસ્થાને અધિકાર રહેશે.

## <u>સંસ્થાની વેબ સાઇટ :-</u>

Website: v-vtc.org અને e-mail : vtcvaghaldhara@yahoo.com

**Vocational Training Center, Vaghaldhara**




**Institute Building**



**Boy's & Girl's Hostel Building**



Computer Operator and Programming Assistant Lab



Draughtsman Civil Lab



ELECTRICIAN Lab



Refrigeration and Air conditioning Technician Lab



Welder Workshop



Plumber Lab



Turner Workshop



Fitter Workshop



CNC TURNING Operator Lab



CNC MACHINIST Lab




Architecture Draughtsman Lab



Dress Making Lab



Computer Hardware & Network Maintenance Lab



Surveyor Lab



Boy's Dinning



Girl’s Dinning



Library



Class Room



Sports

